# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/7972 તા.૦૨/૦૭/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ

સુરત.જિ.સુરત

આ સાથે સામેલ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગરનો પત્રાંક નંબર:DPE/OTH/e-file/105/2025/2937/Sankalanના પત્ર અન્વયે શાળાના તમામ વિદ્યાર્થીઓ,શિક્ષકો અને માતા-પિતાને વિશ્વ તમાકુ નિષેધ દિવસ જાગૃતિ ક્વિઝ-૨૨ મે,૨૦૨૫ થી https://quiz.mygov.in પર મુકવામાં આવેલ છે. અને ૨૧ જુલાઇ,૨૦૨૫ સુધી ચાલુ રહેશે. સફળતાપૂર્વક પૂર્ણ થવા પર બધા સહભાગીઓને સહભાગિતાનું ઇ-પ્રમાણપત્ર પ્રાપ્ત થશે. તમાકુના દુરૂપયોગ અંગે જાહેર જાગૃતિ વધારવા બાબતે તમામ શાળાઓએ ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

Letter No: DPE/0033/06/2025 Approved Date: 20-06-2025

ક્રમાંક: DPE/OTH/e-file/105/2025/2937/Sankalan
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર.

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:-** 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ જાગૃતિ ક્વિઝ - ૨૦૨૫' નું MyGov પર લોન્ચિંગ કરવા બાબત.
**સંદર્ભ:-** શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હીનો પત્ર ક્રમાંક:- 8-2/2024-KT-Part(1) તા. ૨૩/૦૫/૨૦૨૫

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હીના તા. ૨૩/૦૫/૨૦૨૫ના પત્ર અન્વયે યુવાનોમાં તમાકુનું સેવન ઝડપથી વધી રહ્યું છે. શાળા/કોલેજના વિદ્યાર્થીઓ તમાકુ અને ધૂમ્રપાનનું સેવન અને અન્ય પ્રકારના માદક દ્રવ્યોના દુરૂપયોગ કરવામાં આવે છે.

આ વધતા જતા જોખમને રોકવા અને બાળકો તથા યુવાનોમાં, ખાસ કરીને કિશોર વય જૂથમાં, કોઈપણ સ્વરૂપમાં તમાકુના સેવન સામે જાગૃતિ લાવવા માટે, શિક્ષણ મંત્રાલયે દર વર્ષે ૩૧ મેના રોજ વૈશ્વિક સ્તરે વિશ્વ તમાકુ નિષેધ દિવસ (WNTD) ઉજવણીના પૂર્વગામી તરીકે MyGov પોર્ટલ દ્વારા જાગૃતિ ક્વિઝ શરૂ કરી છે. શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ (DoSEL), NCERT અને MyGov સાથે મળીને, MyGov પ્લેટફોર્મ પર વિશ્વ તમાકુ નિષેધ દિવસ જાગૃતિ ક્વિઝ - ૨૦૨૫નું આયોજન કરી રહ્યું છે.

આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય લોકોને તમાકુના નુકસાનકારક અસરો વિશે મનોરંજક રીતે શિક્ષિત કરવાનો છે, જે તમાકુના ઉપયોગને નિરૂત્સાહિત કરતા મજબૂત સામાજિક ધોરણોને આકાર આપવા તરફ એક પગલું છે. તે તેમને તમાકુ છોડવા માટે મદદ મેળવવાની રીતોનું જ્ઞાન પણ આપે છે.

આ ક્વિઝ ૨૨ મે, ૨૦૨૫ થી https://quiz.mygov.in પર મુકવામાં આવેલ છે અને ૨૧ જુલાઈ, ૨૦૨૫ સુધી ચાલુ રહેશે. સફળતાપૂર્વક પૂર્ણ થવા પર બધા સહભાગીઓને સહભાગિતાનું ઇ-પ્રમાણપત્ર પ્રાપ્ત થશે.

શાળાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતા-પિતાને વિશ્વ તમાકુ નિષેધ દિવસ જાગૃતિ ક્વિઝ- ૨૦૨૫ માં સક્રિયપણે ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા તથા તમાકુના દુરૂપયોગ અંગે જાહેર જાગૃતિ વધારવા બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

8058
25/6/25

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

Signature Not Verified
Signed by: B.B.Baria
Deputy Director of Education (Plan)
Date: 2025.06.25 10:38:31 +5:30

File No: DPE/OTH/e-file/105/2025/2937/Sankalan
Approved By: Director of Primary Education,DPE
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*